# “મન, આંખ અને હાથની એકાગ્રતા સાથે દિવ્યાંગોના કૌશલ્યથી તૈયાર થાય છે આ રાખડીઓ...”





પેજ નં. પાંચ ઉપર

PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ

કોશિશ થી કામયાબી

Since 1-8-1974

વિકલાંગોના પુન:સ્થાપનની પ્રવૃત્તિનું માસિક

૧૫ સપ્ટેમ્બર : ૨૦૨૩, અંક નં. ૧૨૯/૪૯૫

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 September - 23 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) I Total Page : 24

# બહેરા મૂંગા શાળા તસ્વીર સમાચાર














# કોશિશથી કામયાબી

**આ અંકમાં ...**


- બહેરા મુંગા શાળા તસ્વીર સમાચાર...........૦૨
- INDEX................................૦૩
- CONTENTS AT A GLANCE .....૦૪
- 'મન, આંખ અને હાથની એકાગ્રતા સાથે દિવ્યાંગોના કૌશલ્યથી તૈયાર થાય છે આ રાખડીઓ'.........૦૫
- ૭૭મા સ્વાતંત્ર્ય પર્વે આઝાદીના અમૃત મહોત્સવની ભવ્ય ઉજવણી..............................૦૬
- પાર્કિન્સન્સના દર્દીઓ માટેનો દશાબ્દિ મહોત્સવ કાર્યક્રમ..................................૦૬
- સિનિયર સિટિઝન માટે હેલ્થી એજીંગ પ્રોગ્રામ શરૂ થશે........................................૦૬
- નટરાજ સી. પી બાળકોની શાળા..............૦૭
- કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ .....૦૯
- દિશા કમ વિકાસ પ્રોજેક્ટ.....................૧૦
- પી. એન. આર. હોસ્પિટલ..................૧૧
- PNR સોસાયટીના કર્મચારીઓના સંતાનોને શૈક્ષણિક ઈનામ વિતરણનો કાર્યક્રમ - ૨૦૨૩...૧૨
- PNR સોસાયટીના ખાતે ફેમિલી ફોરમનો મનોરંજનકાર્યક્રમ ..... .....................૧૩
- અંબા સી. પી. હોસ્ટેલ.......................૧૩
- શ્રી શાહ ખી.લ. બહેરા મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ).........................૧૪
- શ્રવણમંદોની માધ્યમિક અને ઉ.મા.શાળા.......૧૫
- શ્રીમતી પી.આર. વાઘર સાધન સહાય વર્કશોપ..૧૭
- શેઠશ્રી વી. સી. લોઢાવાળા હોસ્પિટલ..........૧૮
- 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની શાળા.........૧૯
- ટ્રેનિંગ કોલેજ ફોર આઈ. ડી. ચિલ્ડ્રન..........૨૧
- ડોનેશન લિસ્ટ...............................૨૧
- PNR તસ્વીર સમાચાર.......................૨૩


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મૂકતાં આનંદની લાગણી અનુભવું છું.

## 'પાર્કિન્સન્સ દર્દીઓ અને સિનિયર સિટીઝનોની સહાયે પિડીલાઈટ ગ્રુપ-મુંબઈ'

પી.એન.આર. સોસાયટી અને તેની સંલગ્નિત સંસ્થાઓ વિવિધ પ્રકારની દિવ્યાંગતા માટે શિક્ષણ, તાલીમ, સારવાર અને પુનર્વસન માટે વર્ષોથી કાર્ય કરી રહી છે, જેમાં છેલ્લાં દશ વર્ષથી, મોટી ઉંમરે થતા પાર્કિન્સન્સ (કંપવા) રોગ માટે પણ પી.એન.આર. કાર્યરત છે, જેની ભવ્ય ઉજવણી મુંબઈના તજજ્ઞોની ઉપસ્થિતિમાં નટરાજ ઓડિટોરિયમમાં કરવામાં આવી.

મુંબઈના સુપ્રસિધ્ધ ઔદ્યોગિક ગ્રુપ 'પિડીલાઈટ ઈન્ડસ્ટ્રિઝ' ના મેનેજીંગ ડિરેકટર શ્રી મધુકરભાઈ પારેખના સૌજન્યથી સને ૨૦૧૩માં આપણી પી.એન.આર. હોસ્પિટલમાં, શ્રી બી.કે. પારેખ પાર્કિન્સન્સ ડિસીઝ એન્ડ મૂવમેન્ટ ડિસઓર્ડર સોસાયટી દ્વારા સપોર્ટ સેન્ટર ચલાવવામાં આવે છે.

વિનામૂલ્યે ચાલતા આપણાં આ સેન્ટર પર છેલ્લાં દશ વર્ષમાં ૪૦૦ ઉપરાંત પાર્કિન્સન્સથી પીડાતા ભાઈઓ-બહેનોએ લાભ લીધો છે. આ સેન્ટર પર દર રવિવારે સૌ ભેગા થાય છે ત્યારે તેમને ફિઝીયોથેરાપી, વિવિધ કસરતો, હાસ્ય-સંગીત થેરાપી, મનોરંજન માટે પ્રવાસ, ફિલ્મ શો અને વિવિધ તજજ્ઞોના વાર્તાલાપ દ્વારા આવા દર્દીઓને વિશેષ માર્ગદર્શન અને દવાની જરૂરિયાતો, દૈનિક જીવનમાં રાખવાની સાવચેતીઓથી માહિતગાર કરાય છે.

હવે આજ સેન્ટર પર આ સપ્ટેમ્બર મહિનાથી દર ગુરૂવારે, પિડીલાઈટ-મુંબઈના સૌજન્યથી ૬૦ વર્ષથી ઉપરના વરિષ્ઠ નાગરિકો માટે **'હેલ્થી એજીંગ'** પ્રોગ્રામ શરૂ થવા જઈ રહ્યો છે. જેમાં મોટી ઉંમરે તંદુરસ્તી કઈ રીતે જાળવવી તે માટે અમિત મિત્રા અને બીજા થેરાપીસ્ટો દ્વારા તાલીમ, વિવિધ કસરતો, થેરાપીઓ અને તજજ્ઞોનું માર્ગદર્શન આપવામાં આવશે.

શ્રી કે.ડી. પડિયા સાહેબના સંકલન નીચે આ સેન્ટરમાં ડૉ. ભાવિનભાઈ માંડવિયા અને ડૉ. અમિત મિત્રા તાલીમ અને માર્ગદર્શન આપે છે.

સિનિયર સિટીઝનો માટેના આ ઉમદા કાર્ય માટે પિડીલાઈટ ગ્રુપ અને શ્રી મધુકરભાઈ પારેખ અભિનંદનને પાત્ર છે.

**કિરીટ રાઠોડ**


**Koshish Thi Kamyabi**
RNI No. GUJGUJ/2013/48176
Postel Reg. No. L2/36/RNP/
BVR-414/ 2022-24, Monthly

- **અંક નં. ૧૨૯ / ૪૯૫**
  સપ્ટેમ્બર - ૨૦૨૩
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન: (૦૨૭૮) ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  મો. :૯૪૯૯૬૬૧૬૯૪/૯૪૯૯૫૫૭૯૭૭
  **E-mail** : info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us** : www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  વંશિકા ફોમ્સ, ભાવનગર
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક ''શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા વિનંતી.**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  વંશિકા ફોમ્સ, ભાવનગર
- સંપાદક મંડળ
  **ફાલ્ગુની ખાટસુરિયા**
  **ગજાનંદ ભટ્ટ**
  **જ્યોતિ ભટ્ટી**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **રાજેશભાઈ હકાણી**




**જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |




# CONTENTS AT A GLANCE



K. D. PADIA

## ◈ STRIDES OF C.P. SCHOOL

The Nataraj Cerebral Palsy (C.P.) Special School apart from imparting education and simultaneously treating with paramedical means to its C.P. wards organised Paediatric Orthopedic Camp benefitting 19 children, an educative Workshop having 60 participants and a Deafness Blindness Camp benefitting 15 C.P. wards of the school. The school also organised celebrations of Lion Day and Kargil Day with a purpose to educate its wards. The school entertained important visitors who were very much impressed of school's noble work.

## ◈ KLID Makes A Difference

Students of Primary, Secondary and Higher Secondary Schools of the K L Institute for the Deaf (KLID) had pleasant time of undergoing Health Checkup, understanding flight of CHANDRAYAN 3, felicitating donors, Celebrating Independence Day and Lion Day, Drawing Competition.

## ◈ ANKUR SCHOOL FOR MENTALLY RETARDED CHILDREN

The Ankur Special School had very busy schedule for its wards. Participation in District Level Floor Hocky Selection Camp, Selection of Ankur's wards in State Level Selection Camp, Superb show of its wards in Yoga Competition, Speech Therapy Seminar for Ankur's Special educators, etc. have been most spectacular activities.

## ◈ OTHER ACTIVITIES

K. N. Shah Hightech Inclusive School's organizing "Nasha Mukti Programme", Celebration of Kargil Day, Gurupurnima, Blue Day, Medicine Collection campaign; PNR Hospital's medical and Surgical services;Speech Therapy and ECA Trainings in Disha cum Vikas project; Amrit Mahotsava of Independence Day Celebration by PNR Society in its Nataraj Campus; Decade Celebration of Parkinson's Support Group of PNR Society; Cultural & Welfare Activity function of staff of PNR Society and prize distribution, etc. have found place in this issue.

## તળાજામાં દિવ્યાંગ બાળકો દ્વારા રાષ્ટ્રીય પર્વની ઉજવણી

પી.એન.આર. સોસાયટી સંચાલિત તળાજા ખાતે ચાલતા મગજના લકવાગ્રસ્ત તેમજ મંદબુધ્ધિ, દિવ્યાંગ બાળકોના કેન્દ્ર ઉપર રાષ્ટ્રીય તહેવારની ઉજવણીનાં ભાગરૂપે 'દેશની રક્ષા કરતા શહીદ થયેલા વીર જવાનોને શ્રધ્ધાંજલી' અર્પણ કરી રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન સેન્ટરનાં શ્રી પંકજભાઈ કટકિયા (સ્પેશ્યલ એજયુકેટર) દવારા કરવામાં આવ્યું હતું.



# "મન, આંખ અને હાથની એકાગ્રતા સાથે દિવ્યાંગોના કૌશલ્યથી તૈયાર થાય છે આ રાખડીઓ"

જીજ્ઞા સોલંકી



"અહીં વ્યવસાયિક અભિગમ નહીં તાલીમ અને કૌશલ્ય કેન્દ્રસ્થાને છે" -**પ્રિન્સિપાલ, જીજ્ઞાબેન સોલંકી**

રાખડી માત્ર એક પ્રતીક નથી, પરંતુ ભાઈ બહેનના પવિત્ર સંબંધનું ઘોષક છે. સાથે હજારો લોકો માટે રોજગારીનું સાધન પણ છે. જો કે ભાવનગર શહેરની એક સંસ્થાના બાળકો માટે આ રાખડી તે તાલીમનો હિસ્સો છે. તેમના માટે વિચાર, આંખ અને હાથનું યોગ્ય સંકલન ખૂબ જરૂરી છે અને એ માટે આ રાખડી તાલીમનો હિસ્સો બને છે.



શહેરની નટરાજ સીપી સ્કૂલના સેરેબ્રલ પાલ્સી અને ઓટિઝમથી પીડાતા દિવ્યાંગ બાળકો માટે મન અને શરીરનું સંકલન અને તે પ્રમાણે કાર્યની તાલીમ આપવામાં આવે છે.

શારીરિક- માનસિક પડકારો સામે લડી રહેલા ૧૩ થી ૨૦ વર્ષના ૨૦ દિવ્યાંગો અહીં રાખડી ઉપરાંત મોતીના તોરણ, નવરાત્રી માટે ગરબા વિગેરે બનાવે છે અને છેલ્લાં ૧૫ વર્ષથી આ કાર્ય થઈ રહ્યું છે.ઉનાળામાં જ આ બાળકો રાખડી બનાવવાનું શરૂ કરી દે, યોગ્ય જગ્યાએ યોગ્ય વસ્તુ ચોંટાડવાની તથા ગાંઠ મારવા સહિતનું કામ આ દિવ્યાંગો માટે અઘરું હોય છે, પરંતુ આ રાખડી છે અને તેનો બનાવવાનો આનંદ હોય, આ બાળકો ઉત્સાહ અને આત્મવિશ્વાસ સાથે તે કામ કરે છે.

ઈન્ચાર્જ પ્રિન્સિપાલ જીજ્ઞાબેન સોલંકી જણાવે છે કે, "આ બાળકો જરૂરી એક્સરસાઈઝ તથા પૂર્વ વ્યવસાયિક તાલીમ સાથે આ કાર્ય જે ઉત્સાહથી કરતા હોય છે, તે જોઈને આનંદ થાય. ગણેશ, રાધાકૃષ્ણ, પીઝા રાખી, ચોકલેટ-આઈસ્ક્રીમ રાખી તેમજ અન્ય ડિઝાઈનમાં આ બાળકો રાખડી તૈયાર કરે છે. બાળકની ક્ષમતા મુજબ અલગ-અલગ ગ્રુપમાં અલગ અલગ કામ સોંપવામાં આવે છે અને રાખડીને સિંગલથી માંડી સેટ સુધીના પેકિંગનું કામ આ બાળકો કરે છે. આ દિવ્યાંગો પ્રતિવર્ષ ૧૦૦૦થી વધુ આવી રાખડીઓ તૈયાર કરે છે અને ૩૦ થી શરૂ કરી સો રૂપિયા સુધીની કિંમતે તે ઉપલબ્ધ હોય છે.

આ કોઈ જ વ્યવસાયિક કામ નથી, પરંતુ લોકોને આ કામ સાથે જોડવાનો પ્રયાસ હોય છે, તેમ જણાવી પીએનઆરના સેક્રેટરી જનરલ પારસભાઈ કહે છે કે, "બાળકોએ તૈયાર કરેલી આ રાખડીઓ તથા આ બાળકોએ તૈયાર કરેલી વિવિધ વસ્તુઓ, વિવિધ સ્થળોએ યોજાતા કાર્યક્રમોમાં પ્રદર્શન - વેચાણ માટે રાખવામાં આવે છે અને લોકોનો સારો પ્રતિસાદ મળે છે. દિવ્યાંગો પણ કલા-કૌશલ્યમાં સહેજે પાછળ નથી, તે જોઈ લોકો જ્યારે આવા પ્રયાસને બીરદાવે, ત્યારે સંસ્થાનું કામ સાર્થક થતું હોય તેવું લાગે.આ બાળકો વોલપીસ, તોરણ તથા ચોકલેટ બોલ્સ પણ બનાવે છે."

આ મનો-શારીરિક દિવ્યાંગ બાળકો માટે કેટલીક વિશેષ એક્સરસાઈઝ અને તાલીમ જરૂરી હોય છે અને તેમાં કલા અને કૌશલ્ય ખૂબ ઉપયોગી થાય છે. સમગ્ર વર્ષ દરમિયાન આ બાળકો આવી વિવિધ પ્રવૃત્તિ કરતા હોય છે, જેમાં વોલપીસ બનાવવા, ચોકલેટ બોલ્સ, ચોકલેટ બિસ્કીટ સહિતની વસ્તુઓ પણ સામેલ છે.

# ૭૭મા સ્વાતંત્ર્ય પર્વે આઝાદીના અમૃત મહોત્સવની ભવ્ય ઉજવણી



ભાવનગરની PNR સોસાયટીના નટરાજ કોલેજના પરિસરમાં તા.૧૫મી ઓગસ્ટના રોજ ૭૭મા સ્વાતંત્ર્ય ભારતના પર્વ **આઝાદીના અમૃત મહોત્સવ**ની ઉજવણી નિમિત્તે ધ્વજવંદનનો કાર્યક્રમ સી.પી. સ્કૂલ તથા કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલના બાળકો, વિશિષ્ટ શિક્ષકો, ટ્રસ્ટીગણ અને શુભેચ્છકોની ઉપસ્થિતિમાં નટરાજના પટાંગણમાં સંપન્ન થયેલ. માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા સ્વાગત પ્રવચન બાદ, કાર્યક્રમના અધ્યક્ષ શ્રી જનાર્દનભાઈ ભટ્ટ (સમાજ સેવક અને કાર્યકર્તા, સ્ટેટ બેંક કર્મચારી પરિવાર)ના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષશ્રી તથા સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી બાબાભાઈએ પ્રસંગોચિત ઉદબોધન કરેલ હતાં.

આ પ્રસંગે શ્રી એચ.પી. રાખશિયા (ટ્રેઝરર), શ્રી મહાસુખભાઈ જકડિયા, શ્રી પ્રદિપભાઈ ભટ્ટ, શ્રી ધીરૂભાઈ ધંધુકિયા વિગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. આભારવિધિ શ્રી પારસભાઈ શાહે (સેક્રેટરી જનરલ) કરેલ. શ્રી લાલજીભાઈ પંડયા (ગૃહપતિ) એ ધ્વજવંદન પરેડનું સંચાલન કરેલ. આ પ્રસંગે વિદ્યાર્થીઓને સાધન સહાય વિતરણ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થયેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી વિભૂતિબેન વ્યાસ દ્વારા કરવામાં આવ્યું હતું. આ શાનદાર પ્રસંગે માનનીય મહેમાન શ્રી જનાર્દનભાઈ ભટ્ટ તથા તેઓશ્રીના ધર્મપત્નિ શ્રી પદ્માબેનના વરદ હસ્તે નટરાજ પરિસરમાં વૃક્ષારોપણ કરી, કાયમી સ્મૃતિ આપી, સંસ્થાને અનુગ્રહિત કરેલ અને આ પ્રસંગે તેઓશ્રી દ્વારા રૂા.૨૫૦૦૦ નું દાન નું સંસ્થાના દિવ્યાંગ બાળકો માટે આપવામાં આવેલ.

# પાર્કિન્સન્સના દર્દીઓ માટેનો દશાબ્દિ મહોત્સવ કાર્યક્રમ

મુંબઈ સ્થિત પાર્કિન્સન્સ ડિસીઝ એન્ડ મૂવમેન્ટ ડિસઓર્ડર સોસાયટીના માર્ગદર્શન અને સહયોગથી ભાવનગર ચેપ્ટરને ૧૦ વર્ષ પૂર્ણ થતાં ઉજવણીનો એક કાર્યક્રમ PNR સોસાયટી, ભાવનગરના નટરાજ ઓડિટોરિયમ ખાતે તા. ૧૩ ઓગસ્ટ-ર૩ ના **દશાબ્દિ મહોત્સવ** નું આયોજન કરવામાં આવેલ. સંસ્થાના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ તથા સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ દ્વારા પૂષ્પગૂચ્છ અર્પણ કરવામાં આવેલ. મુંબઈથી પધારેલ ડૉ. ધ્વનિ પારેખ, ડૉ.ચાંદની લાખાણી, ડૉ. મારિયા બેરેટો, ડૉ. ચારૂલતા સાંન્ખલા અને સંસ્થા પરિવારના મહાનુભાવોના હસ્તે દીપ પ્રાકટય કરવામાં આવ્યું હતું. ડૉ. મારિયા બેરેટો CEO/PDMDS) એ મલ્ટિપલ ડિસેબિલિટી એપ્રોચ પર દર્દીઓને સપોર્ટની જરૂર પર વકતવ્ય આપેલ. ડૉ. ચારૂલતા સાંન્ખલાએ એડવાન્સ સારવાર પર વકતવ્ય આપેલ. ભાવનગરના ન્યૂરોલોજિસ્ટ ડૉ. તન્મય ત્રિવેદી અને ડૉ. ભાવિન માંડવિયાએ



અહીં ચાલતી પ્રવૃત્તિ અને તેનાથી ૪૦૦ લાભાર્થીઓને થયેલ ફાયદાની વાત કરી. ડૉ. શર્મિલા ડોડેએ, તંદુરસ્ત વૃધ્ધાવસ્થા પર રસપ્રદ માર્ગદર્શન આપેલ. આભારવિધિ ડૉ. અમિત મિત્રા દ્વારા કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં ભારતભરમાં ચાલતા આ પ્રકારના સપોર્ટ ગ્રુપનું માર્ગદર્શન આપતા મુંબઈ સ્થીત કવિતાબેન નિમ્બાર્કની પ્રોસાહક હાજરી હતી.

PNR હોસ્પિટલમાં દર રવિવારે પાર્કિન્સન્સ દર્દીઓ માટે સવારે ૧૧:૦૦ થી ૧:૦૦ ગ્રૂપ થેરાપી સેશન દ્વારા વિનામૂલ્યે આપવામાં આવે છે.

## સિનિયર સિટિઝન માટે હેલ્ધી એજીંગ પ્રોગ્રામ શરૂ થશે

પીએનઆર સોસાયટી દ્વારા પિડીલાઈટ મુંબઈના સહયોગથી ૬૦ વર્ષથી ઉપરના વરિષ્ઠો માટે સપ્ટેમ્બરથી હેલ્ધી એજીંગ પ્રોગ્રામ શરૂ થવા જઈ રહ્યો છે. આ પ્રોગ્રામમાં વરિષ્ઠોને દર ગુરૂવારે વિનામૂલ્યે ગ્રુપ થેરાપીના માધ્યમથી, મોટી ઉમરે તંદુરસ્તી કંઈ રીતે જાળવવી તે વિશે કસરત અને અનેક થેરાપી દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. આ પ્રોગ્રામમાં ૬૦ વર્ષથી ઉપરની દરેક વ્યક્તિ જોડાઈ શકે છે.



# નટરાજ મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની શાળા



✍ વિભૂતિ વ્યાસ

## જન્મ દિવસની ઉજવણી

તા. ૧૮ જુલાઈ `૨૩નાં રોજ સંસ્થાનાં ફેમીલી મેમ્બર, વેલ વિશર તથા સંસ્થાનાં ડોનર એવા શ્રી અંબીકાબેન ટેકરીવાલ સાથે શાળાના ૧૯ વિદ્યાર્થીઓ તથા ગેસ્ટ તરીકે પધારેલા શ્રી જસપેરબેનને શાળાના આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા કુમકુમ તિલક સાથે ભારતીય સાંસ્કૃતિ મુજબ કેક સેરેમની ના બદલે સ્પે. સુખડી દ્વારા મોં મીઠું કરાવી, જન્મ દિવસની શુભકામનાં પાઠવવામાં આવી. સાથે ક્રમશઃ સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈના હસ્તે શ્રી અંબીકાબેનને તથા સંસ્થાનાં સેક્રેટરી શ્રી કિરીટભાઈ રાઠોડના હસ્તે શ્રી જસપેરબેનને બાળકો દ્વારા તૈયાર કરવામાં આવેલ બર્થડે કાર્ડ ચોકલેટ બૂકે અને ગીફટ શુભકામના સાથે આપવામાં આવેલ. શ્રી અંબીકાબેન ટેકરીવાલ દ્વારા બધાજ બાળકોને લેખન બૂક સેટ અને વેફર્સ આપવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી જીજ્ઞાબેનના માર્ગદર્શન હેઠળ શ્રી વિભૂતીબેન વ્યાસ અને શ્રી કાર્તિકભાઈ વ્યાસ દ્વારા કરવામાં આવેલ.

## પિડીયાટ્રિક ઓર્થોપેડિક કેમ્પ

તા.૨૧ જુલાઈ `૨૩નાં રોજ ONE STEP TAKBAK (વન સ્ટેપ ટેકબેક) જવેલરીનાં સહયોગ થી પિડીયાટ્રિક ઓર્થોપેડિક કેમ્પનું આયોજન પી.એન.આર. હોસ્પિટલ, વિદ્યાનગર ખાતે કરવામાં આવેલ. જેમાં ડૉ.આશિમા સાહિત્ય (પિડીયાટ્રિક ઓર્થોપેડિક સર્જન) દ્વારા કુલ ૧૯ બાળકોની તપાસ કરવામાં આવી. તેમાંથી કુલ ૩ બાળકોની ઓર્થોપેડિક સર્જરી માટે પસંદગી કરવામાં આવેલ. આ કેમ્પનું આયોજન શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ શ્રી ચાર્મીબેન રાઠોડ (ફિઝીયોથેરાપીસ્ટ) દ્વારા કરવામાં આવેલ.

## આર્ટ ઓફ લિવીંગ

તા. ૨૨ જુલાઈ `૨૩નાં રોજ શ્રી શ્રી રવિશંકર મહારાજ પ્રેરિત, આર્ટ ઓફ લિવીંગ અંતર્ગત એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં આર્ટ ઓફ લિવીંગનાં સભ્યો શ્રી કે.પી. વસાયા, શ્રી કશ્મિરાબેન વસાયા, શ્રી તુલસી વસાયા,શ્રી ક્રિષ્નાબા ઝાલા, શ્રી ગોપાલભાઈ ભેસાણી એ સર્વશકિતમાન અને દુનિયાના પાલનહાર એવાં શ્રી કૃષ્ણના ભજન, ધૂન, અભિનયગીતની પ્રસ્તુતી દ્વારા વાતાવરણને અધિક શ્રાવણ માસમાં કૃષ્ણમય બનાવી દિધું હતું. જેમાં શાળાનાં કુલ ૨૫ બાળકો, ૮ શિક્ષકો અને શાળાનાં આચાર્ય શ્રીજીજ્ઞાબેન સોલંકીએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## એજ્યુકેશન કીટ વિતરણ

તા. ૨૨ જુલાઈ `૨૩નાં રોજ શ્રી તપનભાઈ જનકરાય પાઠક દ્વારા ૧૦૦ વિદ્યાર્થીઓને એજયુકેશન કીટ વિતરણ કરેલ. તેમજ સંસ્થાને ૧૧,૧૧૧/- અગિયાર હજાર એક સો અગિયાર અંકે પૂરાં તેમના પિતાશ્રીની પુણ્યતિથિ નિમિત્તે વિદ્યાદાન પેઠે આપેલ.

## કારગીલ વિજય દિવસ




તા. ૨૬ જુલાઈ `૨૩નાં રોજ નટરાજ સી.પી. સ્કૂલ અને નેશનલ ટ્રસ્ટ સંચાલિત દિશા કમ વિકાસ પ્રોજેક્ટ અને કે.એન.શાહ અટિઝમ સ્કૂલનાં સંયૂકત ઉપક્રમે કારગીલ વિજય દિવસની દેશભક્તિની ભાવના સાથે ઉજવણી નટરાજ ઓડિટોરીયમ ખાતે કરવામાં આવેલ. જેમાં સમૂહ પ્રાર્થના બાદ કારગીલ વિજય દિવસની પ્રાથમિક માહિતી આપવામાં આવેલ, ત્યાર બાદ મદદનિશ શિક્ષક શ્રી વરૂણભાઈ વ્યાસ દ્વારા કારગીલ યુધ્ધ અને યુધ્ધમાં વિજયની ગાથા વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવેલ. ધોરણ ૭(સાત)ના વિદ્યાથી સોલંકી કેવલે કારગીલ વિજય પર વકતવ્ય રજૂ કરેલ. ત્યાર બાદ પ્રોજેક્ટર પર LOC કારગીલ ફિલ્મના પ્રસંગ અનુરૂપ મહત્વનાં દ્રશ્યો દર્શાવી, બાળકોને માહિતગાર કરાયેલ સાથે આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા પ્રસંગને અનુરૂપ દેશભક્તિગીત રજૂ કરી શહિદોને શ્રધ્ધાંજલી અર્પણ કરેલ. સી.પી. વિદ્યાર્થીઓ દ્વારા સૈનિકનાં પોષાકો ધારણ કરી શહિદોને સલામી આપેલ. અંતમાં રાષ્ટ્રગીત બાદ 'ભારત માતાકી જય'...ના નારા સાથે કાર્યક્રમ પૂર્ણ કરેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી જયોતિબેન પરમાર દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી વરૂણભાઈ વ્યાસ અને શ્રી ખેવનાબેન ઓઝાએ કરેલ.

## વર્કશોપ

તા. ૨૮ જુલાઈ `૨૩નાં રોજ અર્લી ચાઈલ્ડહૂડ એસોશિએશન ઈન્ડિયાનાં ગુજરાત ચેપ્ટર આયોજીત ૨(બે) દિવસીય સેમિનાર PNR Society Cumpusમાં યોજવામાં આવેલ. જેમાં સંસ્થાના શ્રી જીજ્ઞાબેન સોલંકીએ Equatable and Inclusive Education વિષય પર, ડૉ. અંબર ગુપ્તા દ્વારા Auditory Processing Problem વિષય પર તથા ડૉ. પ્રવિણ દેશમુખ દ્વારા OT in Early Intervantion વિષય પર, ડૉ. સ્વાતી પોપટ(Vats ECA PRECIDENT) દ્વારા Occupational therapist and NCF વિષય પર પોતાનું વકતવ્ય આપેલ.

આ સેમિનારમાં ભાવનગરનાં ૬૦ અને અન્ય જિલ્લા સાથે અન્ય રાજયો દિલ્હી, રાજસ્થાન, ગોવા વગેરેનાં પ્રિ-પ્રાયમરી ટીચર્સ, કાઉન્સેલર, સ્પેશ્યલ એજયુકેટર્સ વગેરેએ ભાગ લીધો હતો. સાથે સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓને ડોકયુમેન્ટ્રી ફિલ્મ દ્વારા તથા પ્રત્યક્ષ મુલાકાત લઈ સર્વે ખુબ પ્રભાવિત થયા હતા.

સંસ્થા વતી આ કાર્યક્રમનું ઉમદા આયોજન, સંકલન સાથે સંચાલન સી.પી. સ્કૂલનાં આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા કરવામાં આવેલ. મદદનિશ શિક્ષક શ્રી કાર્તિકભાઈ વ્યાસ (સી.પી. સ્કૂલ), શ્રી ગાયત્રીબા ઝાલા (ઓટિઝમ વિભાગ), શ્રી બીનાબેન જાની (દિશા કમ વિકાસ પ્રોજેકટ) એ આ વર્કશોપમાં રસપ્રદ માહિતી મેળવી હતી.

## ડેફ બ્લાઇન્ડ અસેસમેન્ટ કેમ્પ

તા. ૦૩ ઓગસ્ટ `૨૩નાં રોજ શ્રી પી.એન.આર સોસાયટી દ્વારા ડેફ બ્લાઈન્ડ અસેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં શ્રી રશ્મિકાંત મિશ્રા (સેન્સ ઈંડિયા ફેકલ્ટી મેમ્બર, અમદાવાદ) દ્વારા શાળાનાં ૯(નવ) બાળકોની તપાસ કરવામાં આવી. જે અંતર્ગત ૩(ત્રણ) બાળકો સી.પી. સાથે ડેફ બ્લાઈન્ડ હોવાનું નિદાન થયું અને બાકીના ૬(છ) બાળકો હાઈરિસ્ક હોવાનું જાણવા મળેલ. તેની સારવાર અર્થે યોગ્ય આયોજન કરી સારવાર પ્લાન બનાવવામાં આવશે.

ત્યાર બાદ શ્રી રશ્મિકાંત મિશ્રાના એક સેમિનારનું આયોજન પણ કરવામાં આવ્યું. જેમાં તેણે ડેફ બ્લાઈન્ડ બાળકોનું અસેસમેન્ટ, તેની ઓળખ, તેના લક્ષણો, વિકલાંગતાની ટકાવારી, તેના કારણો અને તેને અટકાવવાના ઉપાયોની વિસ્તૃત ચર્ચા કરી ખૂબ જ ઉપયોગી માહિતીનું આદાન-પ્રદાન કરેલ.

આ સેમિનારમાં સંસ્થાનાં ૧૫ વિશિષ્ટ શિક્ષકો તથા DSE(MD)ના ૧૨ અને DSE(VI)ના ૬ તાલીમાર્થીઓએ ઓનલાઈન અને ઓફલાઈન બંને માધ્યમથી આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

PNR સંસ્થાનાં ફાઉન્ડર ટ્રસ્ટી આદરણીય શ્રી બાબાભાઈ શાહની



ઓનલાઈન હાજરીથી વધુ પ્રેરણા પ્રાપ્ત થઈ.

આ કાર્યક્રમનું આયોજન શ્રી જીજ્ઞાબેન સોલંકી તથા શ્રી વરૂણભાઈ વ્યાસ દ્વારા કરવામાં આવ્યું હતું.

## વિશ્વ સિંહ દિવસની ઉજવણી




તા. ૧૦ ઓગસ્ટ `૨૩નાં રોજ 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણી કરવામાં આવેલ. જેના અંતર્ગત આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલ. જેમાં સિંહનાં મોહરા પહેરાવી રેલી આયોજન, સિંહના ચિત્રમાં રંગપૂર્ણી, કોલાઝ વર્ક, ચિપક કામ, રેતીકામ, ઈ લર્નિંગનાં માધ્યમથી સિંહ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવેલ, નિબંધ લેખન જેવી સર્વાંગી વિકાસને સ્પર્શ કરતી અને તેની તરફ સકારાત્મક રીતે દોરી જતી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલ.

## ગેસ્ટ વિઝીટ


તા. ૧૩ જુલાઈ `૨૩નાં રોજ શ્રી ઈલાબેન મહેતાના રેફરન્સથી શ્રી સુમનબેન શરાફ તેમના દિકરા અંશ શરાફ સાથે દિલ્હીથી નટરાજ સી.પી. સ્કૂલની મુલાકાતે આવેલ. શાળાના દરેક વિભાગોની પ્રત્યક્ષ, મુલાકાત લઈ ઓતપ્રોત થઈ ગયા હતા. સાથે સંસ્થા / શાળા દ્વારા કરવામાં આવતી પ્રવૃતિઓ, કામગીરીઓની ખૂબ પ્રસંશા કરી હતી.

તા. ૧૪ જુલાઈ `૨૩નાં રોજ એકસલ નર્સિંગ ડિપાર્ટમેન્ટનાં પ્રથમ વર્ષ નર્સિંગના કુલ ૫૨ વિદ્યાર્થીઓ, ૫ ફેકલ્ટીઝ એમ કુલ ૫૭ લોકો

દ્વારા, શાળામાં થતી શૈક્ષણિક પ્રવૃત્તિઓની વર્ગ મુલાકાત સાથે વિવિધ વિભાગોનો ઉત્સાહભેર મુલાકાત લઈ, સંસ્થામાં થતી કામગિરીને પ્રોત્સાહિત કરી હતી.


તા. ૦૪ ઓગસ્ટ'૨૩નાં રોજ સરદાર પટેલ કોલેજનાં કુલ ૫૨ વિદ્યાર્થીઓ ૨ શિક્ષકો એમ કુલ ૫૪ લોકોએ સંસ્થાની મુલાકાત લીધી હતી અને કામગિરીઓથી પ્રભાવિત થઈ ખુબ પ્રશંસા કરી હતી.

તા. ૦૯ ઓગસ્ટ'૨૩નાં રોજ શ્રી જ્ઞાનમંજરી સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના આર્ટસના ધોરણ ૧૧ અને ૧૨ના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ દ્વારા સી.પી. સ્કૂલ અને તેના વિવિધ વિભાગોની મુલાકાત લીધી હતી અને સંસ્થામાં થતી કામગીરીઓથી ખુબ પ્રભાવિત થયા હતા આમાં કુલ ૪૫ વિદ્યાર્થીઓ ૨ શિક્ષકો એમ કુલ ૪૭ લોકોએ ભાગ લીધો હતો.



# કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ

ધીરુભાઈ ધંધુકિયા



## નશામુક્તિ કાર્યક્રમની ઉજવણી :



સ્કૂલમાં તા. ૦૧ જૂલાઈના રોજ **નશામુક્તિ આંતરરાષ્ટ્રિય દિવસ** અંતર્ગત ચિત્ર સ્પર્ધા યોજવામાં આવેલ. આ સ્પર્ધામાં ધો. ૫ થી ૭ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. નશામુક્તિ વિષય પર ચિત્ર દોરી લોકોમાં જાગૃતતા લાવવાનો પ્રયાસ કરેલ તેમજ વિશ્વમાં આ દિવસ શા માટે ઉજવવામાં આવે છે, નશાની દવાઓનો દુરોપયોગ અને નશાયુક્ત દવાના સેવનથી થતી ગંભીર બીમારીઓની માહિતી બાળકોને આપવામાં આવેલ. ચિત્ર સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓએ ઉપરોક્ત વિષય પર સુંદર ચિત્ર દોરી આ દિવસની ઉજવણી કરેલ. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા દ્વારા કરવામાં આવ્યું.

## ગુરૂપૂર્ણિમા કાર્યક્રમની ઉજવણી :

સ્કૂલમાં તા. ૦૩ જૂલાઈના રોજ **ગુરૂપૂર્ણિમા પર્વની ઉજવણી** કરવામાં આવેલ. તેમાં બાલમંદિરથી ધો. ૮ ના વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ દ્વારા શાળાના



આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા અને દક્ષાબેન પંડયા તથા બધા જ શિક્ષકોનું ગુરૂપૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા જુદી-જુદી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. શાળા દ્વારા ગુરૂપૂર્ણિમા નિમિત્તે દરેક વિદ્યાર્થીઓને પેન્સિલ, રબરની કીટ અને ચોકલેટ વિતરણ કરવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયાના માર્ગદર્શન હેઠળ, શાળાના શિક્ષકો દ્વારા કરવામાં આવેલ.

## કારગીલ વિજય દિવસ :

સ્કૂલમાં તા. ૨૬મી જૂલાઈના રોજ **કારગીલ વિજય દિવસ** ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં વીર શહીદ જવાનોને શ્રધ્ધાજંલિ અર્પણ કરવામાં આવી હતી. આપણાં દેશના ૫૪૫ જવાનો આ યુધ્ધમાં શહિદ થયાં હતાં. આ શહીદોના ત્યાગ અને બલિદાન આજે પણ આપણને તે દિવસની યાદ તાજી કરાવે છે. આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓએ જુદા-જુદા ચિત્રો, સ્લોગનો અને શહીદોના બલિદાન વિશે ખૂબ જ સરસ સ્પીચ આપી હતી. ત્યારબાદ શાળાના શિક્ષકો પણ આ સમગ્ર કાર્યક્રમમાં જોડાયા હતાં. ઋષિભાઈ તેમજ




દર્શિતભાઈ દ્વારા કારગીલ યુધ્ધના કારણો, તેનો ઘટનાક્રમ અને દેશના જવાનોની વીરતા, સાહસ, હિંમત અને બલિદાનને વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરેલ. આ સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા દ્વારા કરવામાં આવેલ.

### બ્લૂ ડે ની ઉજવણી :



સ્કૂલ દ્વારા બાલમંદિર વિભાગમાં તા. ૨૭મી જૂલાઈના રોજ **બ્લૂ ડે** ની ઉજવણી કરવામાં આવેલ. તેમાં દરેક વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ. પંડયા દક્ષાબેન, વેદાણી હિનાબેન, જાની પ્રિયાંશીબેન દ્વારા વિદ્યાર્થીઓને રંગની ઓળખ આપવામાં આવેલ. ત્યારબાદ બ્લૂ વ્હેલ માછલીના ચિત્રમાં રંગ પૂરણી કરવામાં આવેલ. બાળકો તથા શિક્ષકો બ્લૂ કલરના વસ્ત્રોમાં આવેલ અને વિવિધ રમકડાં લાવી ઉજવણી કરવામાં આવેલ. શાળામાં સમયાંતરે આવા વિવિધ પ્રકારના ડે ની ઉજવણી કરવામાં આવે છે, જેથી બાળકોને જુદા-જુદા રંગો તથા આકારોનો પરિચય થાય. આ સમગ્ર કાર્યક્રમ શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ.

### મેડિસીન કલેકશન પ્રવૃત્તિ :




સ્કૂલમાં તા. ૨૭ જૂલાઈના રોજ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અંતર્ગત, શાળામાં ચાલતી જૂનિયર રેડક્રોસ પ્રવૃત્તિના ભાગરૂપે **મેડિસીન કલેકશન પ્રવૃત્તિ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં બાળકોએ ઘરે, તેમજ આજુબાજુના વિસ્તારમાં જઈ જે દવાઓ આપણાં માટે બિનઉપયોગી છે, પરંતુ જેને આ દવાની જરૂર છે તેવા જરૂરિયાતમંદોને ઘણી ઉપયોગી નીવડે છે. આ દવાઓ તેના સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય રેડક્રોસ સોસાયટી દ્વારા કરવામાં આવે છે. આપણી શાળા પણ આ ભગીરથ કાર્યમાં ઉત્સાહભેર જોડાઈ છે. આ પ્રવૃત્તિનું સંચાલન શાળાના શિક્ષક તેમજ જૂનિયર રેડક્રોસના કાઉન્સેલર શ્રી દક્ષાબેન પંડયાએ કરેલ. જેમાં વિદ્યાર્થીઓ જુદી-જુદી પ્રકારની દવાઓ એકત્ર કરીને લાવ્યાં હતાં. આ સમગ્ર કાર્યક્રમ શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ.



# દિશા કમ વિકાસ પ્રોજેક્ટ

## દિવ્યાંગો માટે આશા કિરણ...

અમિત મિત્રા



### સ્પીચ થેરાપી ટ્રેનિંગ

તા. ૨૬ જુલાઈ ના બુધવારના રોજ દિશા કમ વિકાસ પ્રોજેકટના વાલીગણ માટે સ્પિચ થેરાપિસ્ટ ડૉ. અંબર ગુપ્તાના માર્ગદર્શન નીચે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાલીઓ દ્વારા પોતાના બાળકોની સ્પિચમાં આવેલ પ્રગતી અને હાલમાં પડતી મુશ્કેલી અંગે રજૂઆત કરી હતી. જેના ઉત્તરમાં ડૉ. અંબર ગુપ્તા દ્વારા વ્યકિતગત રીતે નવા ટ્રીટમેન્ટ પ્લાનના આધારે વાલીએ કરાવવાની પ્રવૃત્તિની ઉદાહરણ સહિત સમજુતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમનું સંચાલન સ્પેશ્યલ એજયુકેટર શ્રી બિનાબેન જાની દ્વારા કરવામાં આવ્યું હતું.

## ECA ટ્રેનિંગ

તા. ૨૮ જુલાઈ ના શુક્રવારના રોજ શ્રી પી.એન.આર. સોસાયટી નટરાજ ઓડિટોરીયમ ખાતે નેશનલ લેવલ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થા વતી દિશા કમ વિકાસ પ્રોજેકટમાંથી સ્પેશ્યલ એજયુકેટર શ્રી બિનાબેન જાનીએ ભાગ લીધો હતો. જેમાં બાળકોનો સર્વાંગી વિકાસ કરવા માટેના સોનેરી સૂચનો નેશનલ લેવલ ફેકલ્ટી દ્વારા આપવામાં આવ્યાં હતાં. જેમાં ભાગ લેવા આવેલ પાર્ટિસિપન્સ દ્વારા બાળકોની વોકેશનલ એક્ટિવિટી કરતાં નિહાળ્યા બાદ, ખાસ આગ્રહ કરી બાળકો દ્વારા બનાવવામાં આવેલ વસ્તુઓ ખરીદી કરવામાં આવેલ.

## વિશ્વ સિંહ દિવસ ઉજવણી

તા. ૧૦ ઓગસ્ટને ગુરૂવારના રોજ દિશા કમ વિકાસ પ્રોજેકટ દ્વારા વિશ્વ સિંહ દિવસ નિમિત્તે પ્રોજેકટ અંતર્ગત તેની ઉજવણી કરવામાં આવી, જેમાં બાળકો પાસે સિંહના ચિત્રમાં રંગ પૂરવા માટે આપવામાં આવ્યું હતું, ત્યાર બાદ ૮ થી ૧૩ વર્ષનાં બાળકો કે જેમનું લેવલ સારું છે તેવા બાળકોએ સિંહ વિશે નિબંધ લખ્યો હતો. ત્યાર બાદ બાળકો પાસે નિબંધનું વાંચન કરાવ્યું હતું અને નાના બાળકોને સિંહ અને સસલું, સિંહ અને ઉંદર ની વાર્તા બતાવી હતી તથા બાળગીત ગવડાવવામાં આવ્યાં. દરેક બાળકોને સિંહનાં મહોરા આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં

## ઈ-મેઈલ - વોટસઅપથી 'કોશિશ' મેળવો.

માનવંતા વાચકોને જણાવવાનું કે સંસ્થાનું 'કોશિશ થી કામયાબી' મેગેઝિન આપને હવેથી ઈ-મેઈલ તથા વોટસઅપ દ્વારા મોકલવાનું આયોજન કર્યું છે, તો આપનું **E-Mail ID** તથા વોટસઅપ નંબર અને આપનું નામ, નીચેના **E-Mail ID** ઉપર મોકલવા વિનંતી.

**E-Mail : info@pnrsociety.org**



# પી. એન. આર. હૉસ્પિટલ



મહાસુખભાઈ જકડિયા

**જૂલાઈ-ઓગસ્ટ - ૨૩ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા |
|---|---|---|
| ઓર્થોપેડિક | ૨૫૭ | ૧૪ |
| આંખ | ૧૯૧૮ | ૫૪૬ |
| આંખની છારી | ૯૧ | - |
| ઈ.એન.ટી. | ૬૮૯ | ૦૨ |
| (કાન-નાક-ગળા) | | ૪૧૦ માઈનર પ્રોસિજર |
| ઓર્થોસ્કોપી | ૭૮ | ૦૨ |
| ઓર્થોડેન્ટલ | ૩૭૯ | ૩૮૦ (ટ્રિટમેન્ટ) |
| જનરલ ઓપીડી | ૯૬૭ | - |
| એક્ષ-રે | ૧૬૦ | - |
| લેબોરેટરી | ૮૦૪ | ૨૭૧૮ (ટેસ્ટ) |

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા |
|---|---|---|
| ચામડી | ૬૪ | - |
| પેડિયાટ્રિક ડેન્ટલ | ૦૧ | ૦૩ |
| આંખના પડદા | ૩૯ | - |
| પેઈન મેનેજમેન્ટ વિભાગ | ૧૨૫ | - |
| M. D. ફિઝીશ્યન વિભાગ | ૨૪૧ | - |
| **પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર** | | |
| પ્લાસ્ટિક સર્જરી | ૭૯ | ૩૦ |
| હેર ઈમ્પ્લાન્ટ | ૩૨ | ૧૦ |
| રૂબેલા વેક્સિન | ૦૪ | - |

◈ સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ **૨૧૫** લાભાર્થીઓએ **રૂા. ૨૮૫૩૦/-** ની સહાય મેળવેલ છે.

◈ મહાવીર મેડિકલ સહાય નીચે કુલ **૩૫** લાભાર્થીઓએ **રૂા. ૪૮૫૦/-** ની સહાય મેળવેલ છે.

# શૈક્ષણિક ઈનામ વિતરણ સમારોહ-૨૦૨૩



ભાવનગરની **PNR** સોસાયટીના નટરાજ ઓડિટોરીયમ હોલમાં દર વર્ષની માફક આ વર્ષે પણ સંસ્થાના કર્મચારીઓના સંતાનોને શૈક્ષણિક ઈનામ વિતરણ તથા હાસ્ય કલાકાર શ્રી હર્ષજીતભાઈ જોષી (ટી.વી આર્ટિસ્ટ) નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

સંસ્થાના બાવન તેજસ્વી તારલાઓનું અભિવાદન વિવિધ ઈનામો આપી, ટ્રસ્ટીગણ સર્વ શ્રી હર્ષકાન્તભાઈ રાખશિયા, શ્રી મહાસુખભાઈ જકડિયા, શ્રી વિનુભાઈ હકાણી શ્રી રાજેશભાઈ હકાણી અને શ્રી પ્રદિપભાઈ ભટ્ટ તથા વિવિધ વિભાગના **HOD** દ્વારા કરાયેલ હતું. આ પ્રસંગે **TV** આર્ટિસ્ટ શ્રી હર્ષજીતભાઈ જોષી તથા "**PNR** સોસાયટી" વિષયપર **Ph.D.** કરનાર ડો. કવિતાબેન પારસભાઈ શાહ ને મેમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

કાર્યક્રમનું સંચાલન માનદ્ મંત્રીશ્રી કિરીટભાઈ રાઠોડ તથા સેક્રેટરી જનરલશ્રી પારસભાઈ શાહે કરેલ. અને આભાર વિધિ શ્રી ધીરૂભાઈ ધંધુકિયા એ કરેલ હતી.

## PNR સોસાયટીના કર્મચારીઓના સંતાનોને શૈક્ષણિક ઈનામ વિતરણનો કાર્યક્રમ




શ્રી વિનુભાઈ હકાણીના હસ્તે...




શ્રી કિરીટભાઈ રાઠોડના હસ્તે...




શ્રી ધીરૂભાઈ ધંધુકિયાના હસ્તે...



શ્રી પારસભાઈ શાહના હસ્તે...


## PNR સોસાયટીના ખાતે ફેમિલી ફોરમનો ગીત-સંગીત મનોરંજન કાર્યક્રમ સંપન્ન




ભાવનગરની PNR સોસાયટી અને સંલગ્નિત સંસ્થાઓના કાર્યતાંઓ, ટ્રસ્ટીઓ અને તેઓના પરિવારના મનોરંજન માટેનો એક રંગારંગ કાર્યક્રમ તા. ૦૬.૦૮ના રોજ નટરાજ ઓડિટોરિયમ હોલ ખાતે યોજવામાં આવેલ. માનદ મંત્રીશ્રી કિરીટભાઈ રાઠોડે પ્રસંગ પરિચય આપી પધારેલા 'સૂર સાધના મ્યુઝિકલ ગ્રુપ'ના ગાયક કલાકારો તથા મનોરંજન માણવા પધારેલા સંસ્થા પરિવારનું સ્વાગત કર્યુ હતું.




આ પ્રસંગે સૂર સાધના ગ્રુપના સર્વશ્રી ડો. અનિલ ગોહિલ, રજનીશ દૂધરેજીયા, અશોક એમ. ગિરી, પ્રવીણચંદ્ર નાથાણી, હાર્દિકા ધંધુકિયા અને અનિશા ડેરૈયાએ વિવિધ ગાયકોના કંઠે નવી. જુની ફિલ્મોના સુંદર ગીતો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમનું સફળ સંચાલન ડો. અલૌપી દૂધરેજીયા અને પૂજાબેન નાથાણીએ કરેલ હતું.



## અંબા સી.પી. હોસ્ટેલ

### જૂલાઈ-ઓગસ્ટ - ૨૦૨૩

લાલજી પંડ્યા



**નીચેના મહાનુભાવોએ હોસ્ટેલના બાળકોને પોતાના પરિવારના સભ્યોના જન્મદિન, મેરેજ એનિવર્સરી કે દિવંગત સ્નેહીની તિથિ નિમિત્તે ભોજન / નાસ્તો કરાવેલ**

### ભોજન / મિષ્ટાન

- તા. ૧૬ જૂલાઈના રોજ શ્રી અરૂણભાઈ વ્યાસ તરફથી...
- તા. ૨૧ જૂલાઈના રોજ શ્રી અક્ષયભાઈ પ્રિતમણી તરફથી...
- તા.૨૯ જૂલાઈના રોજ શ્રી લાયન ગ્રુપ, જામકંડોરણા તરફથી...
- તા. ૩૧ જૂલાઈના રોજ શ્રી રવિભાઈ અણધણ તરફથી...
- તા. ૦૧ ઓગસ્ટના રોજ શ્રી રમીલાબેન મુંજાણી તરફથી...
- તા. ૦૪ ઓગસ્ટના રોજ શ્રી કલ્યાણીબેન ગાંધી તરફથી...
- તા. ૦૬ ઓગસ્ટના રોજ શ્રી ભાવિકભાઈ દેસાઈ તરફથી...
- તા. ૧૦ ઓગસ્ટના રોજ શ્રી હરેશભાઈ મકવાણા તરફથી...

### નાસ્તો

- તા. ૧૮ જૂલાઈના રોજ શ્રી અંબિકાબેન ટેકરીવાલ તરફથી...
- તા. ૨૮ જૂલાઈના રોજ શ્રી સમીરભાઈ શાહ તરફથી...
- તા. ૩૦ જૂલાઈના રોજ શ્રી મુકેશભાઈ વરમોરા તરફથી...
- તા. ૩૦ જૂલાઈના રોજ શ્રી સોહિલ માલકાણી તરફથી...
- તા. ૦૧ ઓગસ્ટના રોજ શ્રી કલ્પીતભાઈ ઝાલા તરફથી...
- તા. ૦૭ ઓગસ્ટના રોજ શ્રી આકાશભાઈ તરફથી...
- તા. ૧૦ ઓગસ્ટના રોજ શ્રી પ્રતીકભાઈ તરફથી...
- તા. ૧૧ ઓગસ્ટના રોજ શ્રી યશપાલસિંહ વાઘેલા તરફથી...



# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ)



✍ ગજાનંદ ભટ્ટ

## વિશ્વ સિંહ દિવસ



પ્રાથમિક વિભાગમાં તા. ૧૦/૦૮ના રોજ વિશ્વ સિંહ દિવસની ઊજવણી કરવામાં આવી. જેમા સિંહ વિશેની વિસ્તૃત સમજ આપવામાં આવી. તેમજ વિશ્વમાં ઘટતી સિંહોની વસ્તીને લઈને આ દિવસની ઊજવણી કરવામાં આવે છે, તેના વિશે બાળકોને શાળાના પ્રાર્થનારૂમમાં શ્રી અશોકભાઈ ખાટસૂરિયાએ સમજ આપી હતી. તેમજ સિંહોના સંવર્ધન અને સંરક્ષણ માટે આપણે સૌએ કટિબધ્ધ થવાનો સંદેશ આપ્યો હતો.

## દાતાશ્રીઓનો સન્માન કાર્યક્રમ



શાળા ટ્રસ્ટ સંચાલિત પ્રાથમિક અને માધ્યમિક શાળાનો પ્રવાસ તા. ૧૧/૦૮ના રોજ ખોડિયાર મંદિર અને વિજ્ઞાનનગરી(નારી) ખાતે યોજાયો હતો. આ પ્રવાસમાં બાળકોએ ખૂબ આનંદ કર્યો અને ખૂબ નવી-નવી વૈજ્ઞાનિક માહિતીથી માહિતગાર બન્યાં.

વિદ્યાર્થીઓને પ્રવાસની મોજ કરાવવા માટે વિવિધ દાતાશ્રીઓએ તેઓનું અમૂલ્ય યોગદાન આપ્યું હતું. જેમાં ખોડિયાર મંદિર પ્રસાદી માટે, તેમજ બહારની વ્યવસ્થા માટે શ્રી અરવિંદભાઈ ધંધુકિયાએ, વિજ્ઞાનનગરીમાં જુદા-જુદા વિભાગોના નિદર્શન માટે શ્રી નિકેતભાઈ શાહ, શ્રી નિશિથભાઈ મહેતા તેમજ ડો. પુનમબેને અમુલ્ય ફાળો આપ્યો હતો. તે બદલ આપણી સંસ્થાના માનદ્‌મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડ્યાએ બધા દાતાઓને આપણા બાળકો દ્વારા બનાવવામાં આવેલ ભેટ તેમજ શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું. કાર્યક્રમમાં મહેમાનોનું શાબ્દિક સ્વાગત શ્રી ફાલ્ગુનીબેન ખાટસૂરિયાએ કર્યું. તેમજ આભાર વિધી શ્રી શૈલેષભાઈ દવેએ કરી હતી. સમગ્ર કાર્યક્રમની ઉદ્‌ઘોષણા શ્રી પ્રિતીબેને કરી હતી.

## શાળા આરોગ્ય તપાસણી



પ્રાથમિક વિભાગના બાળકોની આરોગ્ય તપાસણી કરવામાં આવી. આ આરોગ્ય તપાસણી અર્બન હેલ્થ સેન્ટર હેઠળ કરવામાં આવી. જેમાં આપણી સંસ્થાના ૨૦૩ જેટલા બાળકોની જુદા-જુદા રોગ વિશેની તપાસ થઈ. જેમાં જુદા-જુદા રોગોનુ નિદાન કરવામાં આવ્યું અને જે બીમાર હોય તેને જરૂરી દવા અને ટીપાં આપવામાં આવ્યાં. તેમજ દસ વર્ષથી ઉપરના બાળકોને ડિપ્થેરીયાની રસી પણ મૂકવામાં આવી.

બાળકોની તપાસ બાદ કર્મવીરોના પણ હિમોગ્લોબિન અને લોહીના પ્રકારની તપાસનું આયોજન શ્રી શક્તિસિંહ ગોહિલ અને તેમની સમગ્ર ટીમે ફરજ બજાવી કર્યું હતું. કેમ્પનું આયોજન વધુ સુંદર અને સરળ બનાવવા શ્રી અશોકભાઈ ખાટસૂરિયા અને શ્રી પ્રશાંતભાઈએ ભારે મહેનત ઉઠાવી હતી.

**ચંદ્રયાન-૩**

પ્રાથમિક વિભાગમાં ચંદ્રયાન-૩ની સમજ, પ્રોજેક્ટરની મદદથી વિડીયો ફિલ્મ બતાવી આપી હતી. ત્યારબાદ બોર્ડ પર ચિત્ર સાથે ચંદ્રયાનના જુદા-જુદા ભાગો, તેનું કામ વગેરેની માહિતી આપવામાં આવી.

દુનિયાના વિકસિત દેશોની સાથે રહેવા કટિબધ્ધ આપણો દેશ, દુનિયાનો અમેરિકા, રશિયા અને ચીન પછીનો એવો ચોથો દેશ છે જે ચંદ્રયાન મિશનને મોકલવા અને તેને સફળ બનાવવા સમર્થ છે. ઈસરો સંસ્થા દ્વારા અને ભારત સરકારની ૬૦૦ કરોડની સહાયથી ઈસરોના વડા સોમનાથ ચેટર્જીના વડપણ નીચે ચંદ્રાયન-૩ મિશનની કામગીરી પાર પાડવામાં આવી. આ મિશનમાં આપણે સફળ થઈશું એટલે ચંદ્ર પરની જમીન, પાણી, કંપન વગેરેની સાચી માહિતી આપણને તસ્વીરો દ્વારા મળશે અને વિશ્વનો ચોથો સફળ દેશ બની જશું. સંસ્થાના ઓડિટોરીયમમાં શ્રી નરેદ્રભાઈએ ચંદ્રયાન વિશેની સમગ્ર સમજ આપી હતી.



## શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા

જ્યોતિ ભટ્ટી



**પૂરક પરીક્ષાનું પરીણામ :**

શાળાનાં ધોરણ.૧૦ અને ધોરણ ૧૨નાં વિદ્યાર્થીઓની ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જુલાઈ-૨૦૨૩માં પૂરક પરીક્ષા લેવામા આવેલ. જેમાં ધોરણ ૧૦ ના ૬ માંથી ૫ અને ધોરણ ૧૨નાં ૮, દરેક વિદ્યાર્થીઓ ઉતીર્ણ થઈ આગળ અભ્યાસ માટે **Eligible** બનેલ છે.

અત્રે વિશેષ ઉલ્લેખનીય છે કે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે નહીં, તે માટે શાળામાં જુન અને જુલાઈ માસ દરમિયાન ખાસ શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ, તેમજ ટ્રસ્ટ દ્વારા તેઓને રહેવા જમવાની ફ્રી સગવડ પણ કરી આપવામાં આવેલ.

**RBSK અંતર્ગત આરોગ્ય તપાસ :**

શાળામાં RBSK (રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત, ભાવગનર મહાનગરપાલિકા આરોગ્ય વિભાગનાં સહયોગથી ડો. શક્તિસિંહ ગોહિલ અને ડો. ભવ્યાબેન દવે, તેમજ તેમની સાથે નર્સિંગ સ્ટાફ, લેબ ટેકનીશ્યનની ટીમ દ્વારા શાળાનાં ૧૩૧ શ્રવણમંદ વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ તા.૧૪ અને ૧૫ ના રોજ કરવામાં આવી.

જેમાં હિમોગ્લોબીન, બ્લડગ્રુપની તપાસ કરવામાં આવેલ. તેમજ HB ઓછું જણાય તેને આરોગ્ય વિભાગ તરફથી દવા આપવામાં આવેલ. જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આંખનાં ચેક-અપ માટે સર ટી. હોસ્પિટલમાં વ્યવસ્થા કરવામાં આવેલ. ૧૬ વર્ષથી ઉપરના ૧૭ વિદ્યાર્થીઓને ડિપ્થેરીયા અને ટીટેનીસનાં વેક્સિન આપવામાં આવેલ.

આ કેમ્પનું આયોજન આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમનાં સરસ આયોજન બદલ સંસ્થાનાં પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ તેમજ શાળાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડ્યા દ્વારા શુભેચ્છા આપવામાં આવેલ.

**ચિત્ર સ્પર્ધામાં સિદ્ધિ :**



શાળાનાં શ્રવણમંદ વિદ્યાર્થીઓએ તાલુકા કક્ષામાં 'કલા ઉત્સવ' કાર્યક્રમ અંતર્ગત યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં સમધારણ વિદ્યાર્થીઓ સાથે ભાગ લીધેલ. જેમાં માધ્યમિક કક્ષાએ પ્રથમ નંબર, વાળા વિવેક અશોકભાઈ તથા ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ પરમાર બંસી રમેશભાઈએ બીજો નંબર પ્રાપ્ત કરેલ છે. બંને વિદ્યાર્થીઓને ચિત્ર શિક્ષિકા શ્રી ઉજજવલા બહેન દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ. શાળાનાં આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવેલ.



## ધ્વજવંદન કાર્યક્રમ :



શાળામાં દેશના ૭૭ માં સ્વાતંત્યપર્વની ઉજવણી અંતર્ગત ૧૫ ઓગષ્ટ ૨૦૨૩ નાં રોજ શાળાના પ્રાથમિક તથા માધ્યમિક વિભાગનાં તમામ વિદ્યાર્થી તથા ટીચર્સ ટ્રેનિંગ કોલેજના વિદ્યાર્થીઓ, તેમજ તમામ કર્મચારીગણે ધ્વજવંદન કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. આ કાર્યક્રમમાં શાળાના ભૂતપૂર્વ શિક્ષકશ્રીઓ શ્રી રાજેન્દ્રભાઈ પરમાર અને શ્રી રાજેશભાઈ પટેલના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવેલ. પ્રાસંગિક ઉદાબોધન બંને શિક્ષકશ્રીઓએ કરેલ. કાર્યક્રમની આભારવિધિ માધ્યમિક શાળાના આચાર્યશ્રી શૈલેષભાઈ દવેએ કરેલ.



આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ, માનદમંત્રીશ્રી અશ્વિનભાઈ પંડ્યા, સહમંત્રી શ્રી અમિતભાઈ શાહ, ખજાનચી શ્રી જીતુભાઈ શાહ, શ્રી મહાસુખભાઈ જકડિયા, શ્રી મીતાબેન ઓઝા તથા પ્રાથમિક, માધ્યમિક તથા ટીચર્સ ટ્રેનીંગ કોલેજના આચાર્યશ્રીએ પ્રોત્સાહક હાજરી આપી હતી. સમગ્ર કાર્યક્રમની ઉદઘોષણા શ્રી વૈશાલીબેન શુક્લએ કરેલ તેમજ આભારવિધિ શ્રી શૈલેષભાઈ દવેએ કરેલ.

## વીરોને શ્રધ્ધાંજલિ તથા વૃક્ષારોપણ :

શાળા માં આઝાદી કા અમૃત મહોત્સવ હેઠળ ''મેરી મિટ્ટી મેરા દેશ'' થીમ પર આધારિત એક શપથગ્રહણ કાર્યક્રમ યોજાયેલ. જેમાં શાળાના તમામ બાળકોએ તથા સ્ટાફ અને ટ્રસ્ટીશ્રીઓએ હાથમાં માટી લઈ દેશના વીરોના બલિદાનોને બીરદાવતા શપથ લીધેલ. જેમાં સૌએ ઉત્સાહથી ભાગ લીધેલ. આ જ પ્રસંગે શાળાના મેદાનમાં વૃક્ષારોપણ કાર્યક્રમ પણ યોજાયેલ. જેમાં સૌએ ઉત્સાહથી ભાગ લીધેલ.









# શ્રીમતી પ્રભાકુંવરબહેન રતિલાલ વાઘર કૃત્રિમ સાધન સહાય વર્કશોપ



વિપુલ જેઠવા

જૂલાઈ માસમાં સ્થાનિક કક્ષાએ કુલ ૧૪૬ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ, જેમાં લાભાર્થીઓને આશરે ૧૮૫ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, અડધા પગ-૭, ઓર્થોશૂઝ-૩, ની-બ્રેસ-૬૬, હેન્ડ સ્પિલન્ટ-૬, સ્પાઈનલ ઓર્થોસિસ-૭, અન્ય-૫૫, કેલિપર -૭, એ.એફ.ઓ.-૧૪, પ્લાસ્ટિક ઓર્થોસિસ-૧૯ એમ કુલ ૧૮૫ સાધનો પૂરાં પાડવામાં આવેલ.

સ્થાનિક કક્ષાએ માહે જૂલાઈ `૨૩ માં સંસ્થામાં ગત માસે કૃત્રિમ હાથ-પગનો કેમ્પ ડૉ. વિપુલભાઈ દ્વારા મહુવા જિ.ભાવનગર) માં યોજવામાં આવેલ હતો. જેમાં આશરે ૨૮ લાભાર્થીઓને આખા પગ-૪ તથા ૧૫ અડધા પગ, આખો હાથ-૧, અડધો હાથ-૧, કેલીપર-૩, ઓર્થોશુઝ-૩ તથા ટ્રાયસીકલ-૧ તથા વ્હિલચેર-૧ પૂરાં પાડવામાં આવેલ હતાં.

## સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા તરફથી વ્હિલચેર અર્પણ

તા.૧૯ ઓગસ્ટ, ૨૦૨૩ ના રોજ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા તરફથી કોર્પોરેટ સોશ્યલ રિસપોન્સીબિલિટી (CSR) ના ભાગરૂપે PNR પર સોસાયટીને દિવ્યાંગ બાળકોના ઉપયોગ માટે આઠ વ્હિલચેર આપવામાં આવેલ છે. આ વ્હિલચેર વિતરણ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ક્રેસંન્ટ શાખાના ‘‘બ્રાન્ચ મેનેજર શ્રી વિવેકભાઈ દ્વારા સંસ્થાના માનદ્ મંત્રી કિરીટભાઈ રાઠોડને અર્પણ કરવામાં આવેલ હતું. આ પ્રસંગે સંસ્થાના HOD ભદ્રેશભાઈ જાની, જિગ્નેશભાઈ પારેખ તથા કેતનભાઈ રૂપેરા ઉપસ્થિત રહ્યાં હતાં.






તા. ૨૯-૭ ના રોજ નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ ના વડાપ્રધાનશ્રીના કાર્યક્રમમાં જટરાજ સી.પી. સ્કુલના હોસ્ટેલના બાળકોએ ઓનલાઈન ભાગ લીધો હતો.



૧૫-૮ ના રોજ જટરાજ સી.પી. સ્કુલના હોસ્ટેલના બાળકોએ ‘હર ઘર તિરંગા’ કાર્યક્રમમાં સેલ્ફી સાથે ઉજવણી કરી હતી.

ભાવનગર નવજવાન સંઘ સંચાલિત

# શેઠ શ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ



સૂર્યકાંત ચાવડા

## શ્રી પ્રતાપરાય શામજીભાઈ પારેખની પુણ્યતિથિ નિમિત્તે વિનામુલ્યે તબીબી તપાસ તથા મોતિયો ઓપરેશન કેમ્પ યોજાયો



ભાવનગર નવજવાન સંઘ સંચાલિત શેઠ શ્રી વી.સી. લોઢાવાળા માતૃત્વ અને બાલ હોસ્પિટલ તથા શ્રી પ્રતાપરાય પારેખ પોલિક્લિનિક, સંઘભવન, ગામતળાવ, પથિકાશ્રમ, ભાવનગર ખાતે તા.૨૭/૦૭/૨૦૨૩ ગુરુવારે સ્વ. શ્રી પ્રતાપરાય શામજીભાઈ પારેખની પુણ્યતિથિ નિમિત્તે વિનામુલ્યે તબીબી તપાસ તથા મોતિયો ઓપરેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સવારે ૧૦ થી ૧ માં આંખ સર્જન ડો. હર્ષા મહેશ્વરી, દાંત સર્જન ડો.વંદના દેવમુરારી, બાળરોગ નિષ્ણાંત ડો. હીનલ ગુજરાતી, જનરલ દવા ડો. મુકુંદ પંડ્યા, તેમજ ચામડીના રોગોના નિષ્ણાંત ડો.જયદીપ પરમાર સવારે ૧૦ થી ૧૨ અને કાન,નાક, ગળાના સર્જન ડો. દવે બપોરે ૧ થી ૨ સેવા આપી હતી. ૩૭ દર્દીઓની વિનામુલ્યે તબીબી તપાસ કરી આપવામાં આવી, તેમજ જરૂરત જણાયેલ તેઓના આંખના મોતિયાના વિનામુલ્યે ઓપરેશન કરી આપવામાં આવશે.

## મોતિયાના નિ:શુલ્ક ઓપરેશનનો નિદાન કેમ્પ :

ભાવનગર નવજવાન સંઘ સંચાલિત શેઠશ્રી વી. સી. લોઠાવાળા માતૃત્વ અને બાળ હોસ્પિટલ શ્રી પ્રતાપરાય શામજીભાઈ પારેખ પોલીકિલનિક ખાતે હોસ્પિટલના ૪૭ મા સ્થાપના દિન નિમિર્તે તા. ૨૨.૦૭.૨૦૨૩ને શનિવારના રોજ મોતિયાના નિ:શુલ્ક ઓપરેશનનો નિદાન કેમ્પ શ્રી જયશ્રીબેન કિરીટભાઈ રાઠોડ તથા રાઠોડ પરિવારના આર્થિક સહયોગ દ્વારા યોજવામાં આવેલ હતો. કેમ્પના આર્થિક સહયોગી શ્રી જયશ્રીબેન રાઠોડ અને શ્રી કિરીટભાઈ રાઠોડના વરદ હસ્તે દીપ પ્રગટાવી કેમ્પની શરૂઆત કરવામા આવી. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી અનંતરાય કે. શાહ, ઉપપ્રમુખશ્રી રાજેશભાઈ હકાણી, માનદ મંત્રીશ્રી સૂર્યકાંતભાઈ એચ. ચાવડા, ખજાનચીશ્રી કિર્તીભાઈ ગાંધી, પી. એન. આર. સોસાયટીના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ અને ખજાનચીશ્રી રાખશિયાભાઈ, તથા ડો. શ્રી હર્ષાબેન મહેશ્વરી ડો. શ્રી મુકુંદભાઈ પંડ્યા, ડો. શ્રી જયદિપભાઈ પરમાર તથા સંસ્થાના કર્મચારીઓ તથા લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ કેમ્પમા આંખના સર્જનો ડો. શ્રી હર્ષાબેન મહેશ્વરી, તેમજ ડો. શ્રી નીશાબેન ચૌહાણ દ્વારા ૩૩ દર્દીઓને વિના મુલ્યે તપાસી અને ઓપરેશન માટેની આગળની કાર્યવાહી માટે સુચનાઓ આપવામાં આવેલ હતી. આ કેમ્પને સફળ બનાવવામાં સંસ્થાના તમામ કર્મચારીઓ દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી. આ સંસ્થા દ્વારા ''દર્દી દેવો ભવ'' ના સૂત્રને સાર્થક કરવા સતત પ્રયાસ કરવામાં આવી રહેલ છે.





સ્વ. ભાવસાર દેવચંદભાઈ મુળજીભાઈ તળાજીયા અને સ્વ. ભાવસાર ખમાલક્ષ્મી દેવચંદભાઈ તળાજીયા

# 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા

નેહલ ગઢવી



## જિલ્લા કક્ષાનો ફ્લોર હોકીનો સિલેકશન કેમ્પ :

તા. ૧૬-૦૭ ના રોજ શાળાના કેમ્પસમાં, આગામી પેરાલિમ્પિક્સ માટે **જિલ્લા કક્ષાના ફ્લોર હોકી સિલેકશન કેમ્પ**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાવનગર જિલ્લાના કુલ ૮ મનોદિવ્યાંગ રમતવીરોએ ભાગ લીધેલ. આ કેમ્પમાં શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી, શિક્ષક શ્રી જયપાલસિંહ ગોહિલ, શ્રી મોનાલીબેન ઉપાધ્યાય, તેમજ ઈન્ટરનેશનલ કોચ શ્રી અરવિંદભાઈ ભટ્ટ, તેમજ સ્પેશ્યલ ઓલિમ્પિકના ગ્રોથ એન્ડ ડેલપમેન્ટ મેનેજર તુષારભાઈ જોગલેકર ઉપસ્થિત રહેલ.

## રાજ્ય કક્ષાના સિલેકશન કેમ્પમાં શાળાના બાળકો :

વાસદ ખાતે તા. ૨૩-૦૭-૨૩ ના રોજ ફ્લોર હોકીનો રાજ્ય કક્ષાના સિલેકશન કેમ્પનું આયોજન થયેલ. જેમાં શાળાના ત્રણ બાળકોએ ભાગ લઈ શાનદાર પ્રદર્શન કરી નેશનલ કક્ષા માટે પોતાની દાવેદારી નોંધાવેલ. આ કેમ્પમાં કોચ તરીકે શાળાના શિક્ષક શ્રી મોનાલીબેન ઉપાધ્યાય જોડાયેલ.

## યોગ સ્પર્ધામાં શાળાના બાળકોનો ઉત્કૃષ્ટ દેખાવ :

અમદાવાદ ખાતે યોગ સ્પોર્ટસ ફાઉન્ડેશન ઓફ ગુજરાત દ્વારા આયોજીત **યોગ સ્પર્ધા**માં શાળાના બાળકોએ ભાગ લઈ સુંદર યોગ કરી ઉપસ્થિત પ્રેક્ષકોની સરાહના મેળવેલ. યોગ સ્પર્ધામાં ભાગ લેનાર દરેક બાળકોને પ્રમાણપત્ર તથા રૂા. ૧,૦૦૦/- રોકડ પુરસ્કાર, તેમજ ટ્રોફી એનાયત કરવામાં આવેલ. આ બાળકોને યોગની પ્રેકિટસ શાળાના સ્પોર્ટસ શિક્ષક શ્રી આસિફભાઈએ કરાવેલ. તમામને અભિનંદન.

## વિશ્વ સિંહ દિવસની ઉજવણી :




તા. ૧૭-૦૮-૨૩ ના રોજ શાળામાં **વિશ્વ સિંહ દિવસ**ની ઉજવણી કરવામાં આવેલ. જેમાં બાળકોને સિંહ પ્રાણી વિશે માહિતી આપવામાં આવેલ તથા બાળકોને સિંહના મોહરા પહેરાવવામાં આવેલ અને બાળકોને ફિલ્મ બતાવવામાં આવેલ.

## રિઝીયોનલ સાયન્સ સેન્ટરની મુલાકાત :




મનોદિવ્યાંગ બાળકો પણ સાયન્સની વિવિધ શાખાઓ તેમના પ્રયોગો, રોજીંદા જીવનમાં સાયન્સનું મહત્વ અને તેનો ઉપયોગથી માહિતગાર થાય તેવા ઉમદા આશય સાથે શાળાના ૮૦ બાળકો તથા ૧૦ શિક્ષકોએ રિઝીયોનલ સાયન્સ સેન્ટર, નારીની મુલાકાત લીધેલ.

## સેમિનાર :

તા. ૧૩-૮-૨૩ ના રોજ શાળામાં સ્પીચ થેરાપી અંગેના એક સેમિનારનું આયોજન કરવામાં આવેલ. જેમાં સ્પીચ થેરાપિસ્ટ ડૉ. અંબર ગુપ્તા દ્વારા મનોદિવ્યાંગ બાળકોને કઈ પધ્ધતિ દ્વારા સ્પીચની તાલીમ આપવી, તાલીમ દરમિયાન આવતી મુશ્કેલીઓ, વાલીઓ દ્વારા બાળકોને ઘરે કઈ રીતે તાલીમ આપવી, વિગેરે મુદ્દાઓ ઉપર માર્ગદર્શન આપેલ. આ સેમિનારમાં શાળાના માનદ મંત્રી શ્રી ડી. જે. ધંધુકિયા તથા શ્રી અલ્પેશભાઈ શેઠ તેમજ શિક્ષકો, થેરાપીસ્ટ હાજર રહેલ.

## બેન્ક તથા બિલ કલેકશન સેન્ટરની મુલાકાત :

મનોદિવ્યાંગ બાળકો પણ સરકારી કામગીરી તથા અન્ય નાણાંકિય લેવડ દેવડથી માહિતગાર થાય તે હેતુને ધ્યાનમાં રાખી શાળામાં તાલીમ મેળવતા ૧૨ વર્ષથી ઉપરના બાળકોને ઈલેકટ્રિક બિલ કેમ ભરવું તથા બેન્કમાં પૈસા કેમ ડિપોઝિટ કરવા, કઈ રીતે વિડ્રોલ



કરવા, ATM નો ઉપયોગ કેમ કરવો, વિગેરે બાબતો વિશે બાળકો ને બિલ કલેકશન સેન્ટર તથા બેન્કમાં લઈ જઈ શાળાના શિક્ષક શ્રી જયપાલસિંહ ગોહિલ, શ્રી પારસભાઈ પરમાર તથા શ્રી હરદીપભાઈ કામળિયાએ ઝીણવટપૂર્વક અતિ ઉપયોગી માહિતી, પ્રેક્ટિકલ રીતે સમજાવેલ.

**સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી :**

દર વર્ષની માફક આ વર્ષે પણ સંપૂર્ણ આન બાન અને શાન સાથે શાળામાં **સ્વાતંત્ર્ય પર્વ**ની ઉજવણી કરવામાં આવેલ. જેમાં શ્રી




કિશોરભાઈ નગીનદાસ ભાયાણી (પૂર્વ ખજાનચી, સૌરાષ્ટ્ર ચેમ્બર્સ ઓફ કોમર્સ) ના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ. જેમાં શાળાના બાળકો, સ્ટાફ, વાલીઓ તથા ટ્રેનિંગ કોલેજના વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં જોડાયેલ. કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ ઉપપ્રમુખ શ્રી પ્રકાશભાઈ ગોરસિયા તથા માનદ મંત્રી કેતનભાઈ મહેતા તથા શ્રી અશોકભાઈ કોટડિયા તથા ભાયાણી પરિવાર અને તેમના મિત્રો ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમમાં સંસ્થાના ઉપપ્રમુખ શ્રી વિનુભાઈ હકાણી, માનદ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ તથા ટ્રસ્ટી શ્રી રાજેશભાઈ હકાણી પણ હાજર રહેલ. સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી મેઘજીખાન સાયબાણીએ કરેલ તથા કાર્યક્રમનું સંચાલન શ્રી ક્રિષ્નાબેન રૂપેરા તથા આભારવિધિ શ્રી રેશ્માબેન શાહે કરેલ. અંકુર શાળાની સમગ્ર ટીમે કાર્યક્રમને સફળ બનાવવામાં ખૂબ જ મહેનત કરેલ. સાંસ્કૃતિક કાર્યક્રમ માટે ડૉ. ભાવનાબેન અંધારિયા, શ્રી ક્રિષ્નાબેન રૂપેરાએ તૈયારી કરાવેલ. ધ્વજવંદનવિધિ શ્રી હરદિપભાઈ કામળિયાએ કરાવેલ. વિશેષમાં સ્વતંત્ર્ય પર્વ નિમિતે શાળામાં રમત-ગમત તેમજ ચિત્ર સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવેલ. તેમાં શાળાના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

## ભાનુવાડી વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર

**એકિઝબિશન કમ સેલ :**

સંસ્થામાં ચાલતા ભાનુવાડી વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરમાં મનોદિવ્યાંગ બાળકો દ્વારા બનાવવામાં આવેલ રાખડીઓનું તા. ૫, ૬ ઓગગસ્ટના રોજ રાજવી ક્રિએશનના સહયોગથી, તેમજ તા. ૧૨, ૧૩ ઓગસ્ટના રોજ શ્રી અંબિકાબેન ટેકરીવાલના સહયોગથી એકિઝબિશન કમ સેલનું આયોજન કરવામાં આવેલ. જેમાં ભાવેણાની જનતા દ્વારા મનોદિવ્યાંગ બાળકોને પ્રોત્સાહન આપવાના ઉમદા આશય સાથે રાખડીઓ ખરીદેલ.





# સ્વ. શશીકાંત સાકરલાલ વેલાણી
# ટિચર્સ ટ્રેનિંગ કોલેજ ફોર આઈ.ડી. ચિલ્ડ્રન

ડો. ભાવિકા કામદાર



**ઈન્ટરનલ પરીક્ષા :**

D.Ed. Spl. Ed. (IDD) ના બીજા વર્ષના તાલીમાર્થીઓની **ઈન્ટરનલ પરીક્ષા** તા. ૧૩ થી ૧૮ જૂલાઈ દરમ્યાન યોજાયેલ.

**જન જાગૃતિ અભિયાન :**

સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ટિચર્સ ટ્રેનિંગ કોલેજ દ્વારા ''મેરી માટી મેરા દેશ'', ''હર ઘર તિરંગા'' થીમ ઉપર એક રેલીનું આયોજન કરવામાં આવેલ. જેમાં શાળાના બાળકો, ટ્રેનિંગ કોલેજના તાલીમાર્થીઓ તથા સ્ટાફ જોડાયેલ. તાલીમાર્થીઓએ કો-ઓર્ડિનેટર ડૉ. શ્રી ભાવિકાબેન કામદારના માર્ગદર્શન હેઠળ ''મેરી માટી મેરા દેશ'', ''હર ઘર તિરંગા'' ના ચિત્રો તથા સ્લોગન સાથેના બેનર્સ તૈયાર કરેલ.



# ૧ થી ૩૧ ઓગષ્ટ ૨૦૨૩ સુધીના દાતાઓની યાદી

PNR
HOPE 4 ALL

## P. N. R. SOCIETY

### 80-G

| | Rs. |
|---|---|
| Shri Rajai Mohanbhai Khemchand Bhavnagar | 2,100 |
| Shri Narendrabhai Desai - Bhavnagar | 2,500 |
| Shri Rashmi Janak Parikh - Ahmedabad | 51,000 |
| Shri Janak Natverlal Parikh - Ahmedabad | 51,000 |
| Shri Jyotsna Navinchandra Shah Ahmedabad | 11,000 |
| Shri Bharatbhai P. Daftary - Ahmedabad | 71,000 |
| Shri Daksha Shah - Surat | 15,101 |
| Shri Mukesh Mahendraprasad Oza - Mumbai | 50,000 |
| Shri Janardanbhai P.Bhatt - Bhavnagar | 25,000 |
| Dr.Rakesh Markandeya - Solan (H.P) | 5,000 |
| Shri Madhav Mohanbhai Rajai - Bhavnagar | 2,100 |
| Shri Leena Vinodrai - Bhavnagar | 5,000 |
| Shri Hetalben V.Davda - Ahmedabad | 5,000 |
| Shri S. D. Mehta - Vadodara | 2,500 |
| Shri Rajesh Ramniklal Modi - Mumbai | 5,000 |
| Shri Vasu Bharati Zaveri Trust - Mumbai | 50,000 |
| New Era Charitable Foundation - Mumbai | 21,000 |

### FCRA

| | Rs. |
|---|---|
| PNR-USA Foundation Inc. - U.S.A. | 18,49,467 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | |
|---|---|
| Late Meenaben Dilipbhai Doshi - Mumbai | 5,000 |
| Shri S. N. Doshi - Mumbai | 6,000 |
| Shri Minabe Dilipbhai (Manubhai) - Mumbai | 1,000 |
| Shri Vithalbhai Kanjibhai Patel - Ankleshwar | 5,100 |
| Shri Jitendra Ichhalal Shah - Bhavnagar | 50,000 |
| Shri Mukesh Oza - Mumbai | 50,000 |
| Shri Aadi Jin Yuvak Charitable Trust - Mumbai | 6,100 |
| Late Shantaben Chhaganlal Mandaliya Mumbai | 10,000 |
| Shri Kaushal A Sanghvi - Mumbai | 21,000 |
| Shri Jogesh Lalkumar Chheda - Mumbai | 10,000 |

| | |
|---|---|
| Shri Jogesh Lalkumar Chheda - Mumbai | 5,000 |
| Shri Bhavnaben Kamleshkumar Zaveri Ahmedabad | 5,000 |
| Shri Kamleshbhai R. Sheth - Bhavnagar | 3,000 |
| Shri Sumanben Manojbhai Vaghela Bhavnagar | 1,000 |
| Shri Nayra Jigarbhai Rathod - Bhavnagar | 5,100 |
| Shri Mehul Golwala - Mumbai | 8,000 |
| Shri Mehul Golwala - Mumbai | 7,000 |
| Shri Niket Nareshbhai Vasani - Bhavnagar | 6,420 |
| Shri Nishithbhai P. Mehta - Bhavnagar | 5,500 |
| Shri Mahadityasinh(Raghurajsinh) Prafulsinh Sarvaiya - Bhavnagar | 10,000 |
| Shri Maulik Kumar Vijaybhai Dodiya Bhavnagar | 1,501 |
| Shri Bhveshbhai & Arvindbhai - Bhavnagar | 2,000 |
| Shri Shaileshbhai V. Humbal - Bhavnagar | 1,000 |
| Shri Manjulaben Laherchand Vora - Bhavnagar | 6,000 |
| Shri Atulbhai Joshi - Bhavnagar | 9,000 |
| Shri Mukeshbhai Patel - Bhavnagar | 9,000 |
| Shri Shaileshbhai Bhojani - Bhavnagar | 9,000 |
| Shri Pareshbhai Bhatt - Bhavnagar | 9,000 |
| Shri Veljibhai Parmar - Bhavnagar | 7,200 |
| Shri Ek Sadgrastha - Bhavnagar | 6,000 |
| Shri Kishorbhai Ajmera - Bhavnagar | 15,000 |
| Shri Chetnaben V. Kothari - Bhavnagar | 19,000 |
| Shri Inner Wheel Club Of Bhavnagar Bhavnagar | 21,000 |
| Shri Munish Bhogilal Shah - Surat | 7,500 |
| Shri Munish Bhogilal Shah - Surat | 7,500 |
| Shri Rajesh Ramniklal Modi - Mumbai | 5,000 |
| Shri Anantray Jayantilal Shah - Mumbai | 15,000 |
| Shri Dhanlaxmiben Sureshbhai Doshi Bhavnagar | 1,000 |
| Shri Vraj Apoorvabhai Maniyar - Bhavnagar | 6,000 |
| Shri Vimalkant J. Shah - Mumbai | 6,100 |
| Shri Pratik Jayesh Mehta - Hyderabad | 6,000 |
| Shri Nitinbhai Arvindbhai Jhaveri - Mumbai | 51,000 |
| Shri Sanjaybhai M. Jani - Bhavnagar | 2,000 |
| Shri Hemaliben Swagatbhai Rathod Bhavnagar | 4,000 |

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

COMMITMENT TO EXCELLENCE

| | Rs. |
|---|---|
| M/S. Lincoln Pharmaceuticalas Ltd. Ahmedabad | 2,00,000 |
| Shri V. C. Parekh Charitable Trust Secundarabad | 1,00,000 |
| Shri Kantilal Kacharabhai Patel Ahmedabad | 1,00,000 |
| Shri Vipulkumar Nathubhai Vaghani Mumbai | 1,00,000 |
| Shri Madhukanta Nagindas Bhayani Bhavnagar | 51,000 |
| Shri Hema Laboratories Pvt. Ltd. Ahmedabad | 51,000 |
| Shri Shubhashbhai Chandra Tank - U.K. | 51,000 |
| Shri Hemantiben Dilipbhai Parekh - Mumbai | 50,000 |
| Shri Tusharbhai J. Mehta - Bhavnagar | 22,000 |
| Shri Santoshbhai G. Kamdar - Bhavnagar | 21,000 |
| Shri Ritaben Mihirbhai Kothari - Mumbai | 21,000 |
| Shri Kishorbhai Tailor - Mumbai | 21,000 |
| Shri Sangitaben Dilipbhai Vyas - Ahmedabad | 15,000 |
| Shri Neelaben Kishorbhai Bhayani Bhavnagar | 15,000 |
| Shri Nitinkumar Himatlal Shah - Bhavnagar | 11,000 |
| Shri Mukeshbhai S. Vyas - Bhavnagar | 11,000 |
| Shri Yogeshbhai Maneklal Kansara-Vadodara | 10,000 |
| Shri Sahiaaru Foundation - Mumbai | 10,000 |
| State Bank of India - Bhavnagar | 9,801 |
| Rotary Royal Bhavnagar - Bhavnagar | 9,300 |
| Shri Amilal Gulabchand Shah - Mumbai | 8,500 |
| Shri Madhu - U.S.A. | 7,140 |
| Shri Sharda Charitable Trust - Vapi | 7,000 |
| Shri Yogeshbhai Chhotalal Maniyar - Mumbai | 5,000 |
| Shri Sarojben Jasvantbhai Shah- Bhavnagar | 5,000 |
| Shri Vidhyaben Prakashbhai Shah - Bhavnagar | 5,000 |
| Shri Bharatbhai Balvantrai Mehta - Sihor | 5,000 |
| Late Shri Vimlaben Ramjibhai Jakhaniya Bhavnagar | 5,000 |
| Shri Kishorbhai Kantilal Parekh - Mumbai | 5,000 |
| Shri Maulikbhai Chandreshbhai Shah Bhavnagar | 5,000 |
| Shri Bharat Navinchandra panchal-Bhavnagar | 5,000 |
| Shri Sarojben Harjivanbhai Thakker-Bhavnagar | 5,000 |
| Shri Rajeshbhai Ramniklal Modi - Mumbai | 5,000 |
| Shri Bhaviniben Rajeshbhai Modi - Mumbai | 5,000 |
| Shri Dilipbhai Gambhidas Gandhi - Bhavnagar | 5,000 |
| Shri Vasantbhai K. Shah - Mumbai | 5,000 |
| Shri Vishakhaben Jayantkumar Shah-Mumbai | 5,000 |
| Shri Kamleshbhai Rasiklal Sheth - Bhavnagar | 3,000 |
| Jay Shri Lashuma Samarnath - Bhavnagar | 2,750 |
| M/S. Ratnam Stone Exports - Ahmedabad | 2,500 |
| Shri Aditiba Arjunsinh Chudasama-Bhavnagar | 2,021 |
| Shri Pankajbhai Ghetiya- Rajkot | 2,000 |
| Shri Parimal Bhaskarbhai Shah - Bhavnagar | 1,000 |
| Late Shri Renukaben Jentibhai Barbhaya Bhavnagar | 1,000 |

## BHAVNAGAR NAVJAWAN SANGH
### V.C. Lodhawala & Pratapbhai Parekh Plo振yclinic

| | Rs. |
|---|---|
| Shri Kirtikumar Shantilal Gandhi - Bhavnagr | 5,000 |
| Shri Rajeshbhai Ramniklal Modi - Mumbai | 5,000 |
| Shri Bhaviniben Rajeshbhai Modi - Mumbai | 5,000 |

# PNR સોસાયટી તસ્વીર સમાચાર



સ્વાતંત્ર્ય દિન ઉજવણી



BKPDMDS દશાબ્દિ મહોત્સવનું દીપ પ્રાગટ્ય...



વૃક્ષારોપણ કરતાં




SBI દ્વારા
વ્હીલચેર વિતરણ





ડૉ. કવિતા શાહનું સન્માન





વી.સી. લોઢાવાળામાં વિનામૂલ્યે મોતિયાના ઓપરેશનનો ઉદ્‌ઘાટન સમારોહ

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 September - 23 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) I Total Page : 24




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com